શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

ઈ-મેગેઝીન ● વર્ષ : ૨ ● અંક : ૩૩ ● સળંગ અંક : ૮૪ ● તા. ૧૮ જાન્યુઆરી ૨૦૨૦ થી ૨૪ જાન્યુઆરી ૨૦૨૦

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## કેડીઓ યુવા મિલન ૨૦૨૦ની ઐતિહાસિક સફળતા








બેસે છે ભાગ્ય બેઠાનું
ઊભું ઊભા રહેલનું...
સૂતેલાંનું દીસે સૂતું
ચાલે ભાગ્ય ચલન્તનું...

- અજ્ઞાત




નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણિલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તિલોકચંદ નરશી દંડ
કીર્તિકુમાર ધનજી ધરમશી



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**
http://www.kdosm.org
Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# બનાવેલી શાન ને શોહરત, માત્ર દંભને દેખાવ

ધન અને કીર્તિ આ બે વસ્તુનો મોહ હોય વ્યક્તિ માત્રને. આના સિવાય શાન અને શોહરત, પદ અને પ્રતિષ્ઠા એ પણ અહમ સંતોષવાની ચીજ છે. જેનું વળગણ વ્યક્તિ માત્રને રહે છે. જે છોડી શકાતું નથી. સૌ કોઈ આ માટે ઝંખે છે અને એને પ્રાપ્ત કરવા ન કરવાનું કરે છે. દરેકને પોતાની વાહવાહ થાય એમાં રસ છે. નાનો મોટો ક્યાંક પદ કે હોદ્દો મળે કે કંઈક પ્રશંસનીય કામ થયું કે તેનો રીતસરનો પ્રચાર કરે, છાપામાં સમાચાર ફોટા સહિત મોકલે. મિત્ર વર્તુળને સાધી સ્થાનિક પત્રોમાં અભિનંદન, વધામણા કે 'વધે તમારી નામના એજ અમારી શુભકામના' જેવા સ્લોગનો દ્વારા પોતાની પ્રસિદ્ધિ થાય એ માટે પ્રયત્નશીલ રહે છે. આ જાહેરાતોમાં શુભેચ્છકના નામો હોય પણ પૈસાનું રોકાણ પોતાનું થઈ જાય એનો એને વાંધો નથી હોતો. કારણ કે આ પ્રચાર-પ્રસિદ્ધિને લીધે લાગતા વળગતા વર્તુળમાં પોતે ફ્ટાર ચાલી શકશે એવો ફાંકો પ્રાપ્ત થાય છે. આ સિધ્ધિને લીધે જ્ઞાતિ સમાજના મેળાવડામાં સન્માન થાય એવી ઝંખના પૂરી કરવા પોતાની પ્રયત્નો ચલાવે છે. નાના મોટા બિરૂદ કે ચંદ્રક એવોર્ડ કે ખરીદાયેલ પદ કે નામનાથી ગામ ગજવી પોતાને માન મોભો મળ્યો છે એનો પ્રચાર સતત કરતો રહે છે.'

વગર મહેનતે આવી પ્રસિધ્ધિનો ચટકો પ્રલોભન સર્જે છે. જેની પાસે વગર મહેનતે, અનાયાસે સંપત્તિ આવે ત્યારે જે નશો ચડે એવો નશો આ પદથી પ્રસિદ્ધિ પામવાનું પ્રલોભન માણસનું પતન નોતરે છે. એનો ખ્યાલ તેને રહેતો નથી. આ પ્રસિદ્ધિની લાલસા ગધેડાની આગળ ગાજર લટકાવીએ એવી છે. પ્રલોભનના ગાજર જોઈ માત્ર દોટ કાઢીએ, કે મહેનત કરીએ ઘાણી કાઢવાના કોલ્હુમાં ગોળ ગોળ ફરતો બળદ સતત કરતો રહીને માત્રને ત્યાંને ત્યાં રહે છે. ક્યાંય પહોંચી શકતો નથી.

નિસ્વાર્થ ભાવે કરેલી સેવા કે શુભ કાર્યથી સામે આવી થતું સન્માન દ્વારા જે માન-પાન મળે છે એની સુવાસ લાંબો સમય ટકી રહે છે. એવું જ પદનું છે. સામેથી મળેલ પદને લીધે જો અહંકાર ચડે કે ઉચ્ચ ભાવનાની લાગણી જાગે તો માણસને સહજ કે સ્વાભાવિક રહેવા દેતો નથી. હકૂમત કે સત્તા દ્વારા મળેલું માન હોદ્દો હોય ત્યાં સુધી જ ટકે છે. જ્યાં સુધી પદ છે ત્યાં સુધી જ સંબંધિતોને તમે ગમો છો, તમે કામ જોગ લાગો છો. આ પછી સૌ મોઢું ફેરવી લેવાના છે. આ એક સનાતન સત્ય છે. જે સૌએ સમજવું જોઈએ.

જુઠી શાન અને શોહરતને લીધે લોકો તમારી ખુશામત જરૂર કરશે જેથી એમનો સ્વાર્થ સાધી શકાય. માન અને મોભો મળે એની પછવાડે ઠાવકાઈ જાળવવી એ આપણી ફરજ છે. જો એમાં ચૂક્યા તો ઊંચે ચડ્યા પછી જમીન પર ફંગોળાઈ જતા વાર લાગતી નથી. દરેક વસ્તુની મર્યાદા છે. સમય આવતા અને જતાં કંઈક શીખવાડે છે. પદ અને પ્રતિષ્ઠાનો અહમ્ રાખી બનાવેલી શાન અને શોહરતનો ફૂગ્ગો જેટલો ફૂલે છે એટલો જલદી ફૂસકી જાય છે. એ સનાતન સત્ય છે એ જલદી સ્વીકારી લેવું રહેવું.

– જય જ્ઞાતિમૈયા

# શ્રી કચ્છી દશા ઓશવાલ દક્ષિણ એકમ ભારત દ્વારા યુવા-મિલન ૨૦૨૦નો ઐતિહાસિક રીતે સંપન્ન





શ્રી કચ્છી દશા ઓશવાલ દક્ષિણ એકમ ભારત દ્વારા તા.૧૧,૧૨ અને ૧૩ જાન્યુઆરીના રોજ ગોવા ખાતે આવેલ બાઈક એન્કર હોટલમાં યોજવામાં આવેલ હતું. સમાજની પ્રમાણિકા પ્રમાણે મુંબઈ મહાજન, મહારાષ્ટ્ર એકમ, કચ્છ એકમ, પશ્ચિમ એકમ અને ઉત્તર ભારત એકમના સહયોગથી આ સંમેલનનું આયોજન થયું હતું. જેમાં ૪૦૦ તરૂણ-તરૂણોએ ભાગ લીધો હતો અને ૪૦ સ્વયંસેવકોના માર્ગદર્શન હેઠળ આ યુવા-મિલન સુંદર રીતે આયોજન થયું હતું. જેના હોસ્ટ ધારાણી મોતા અને હીંકેત મૈશેરી હતા.

સર્વપ્રથમ તા.૧૧ જાન્યુઆરીના સવારના બહારગામથી પધારેલ સર્વ યુવા સભ્યોનું રજિસ્ટ્રેશન કરાયું હતું અને તેમને આ ત્રણ દિવસમાં થનારા દરેક પ્રોગ્રામોની એક સારી બુકલેટ આપવામાં આવી હતી. આ બુકલેટમાં આ મિલનમાં આવનાર દરેકદરેક સભ્યોની યાદી અને ઈમેલ આપવામાં આવેલ હતા. જે આ સંમેલનની એક અલગ વિઝન હતું કે આનાથી આ બુકલેટ એકબીજાને સંપર્ક સાધવા માટે ભવિષ્યમાં ઉપયોગી થઈ શકશે.

ત્યારબાદ કાર્યક્રમની શરૂઆત બપોરના ૨.૩૦ કલાકે થઈ હતી. સર્વપ્રથમ નવકાર મંત્રનો સ્મરણ કર્યા બાદ દિપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું અને જ્ઞાતિ શિરોમણિ નરશીનાથાની છબીને હાર પહેરાવીને શુભ શરૂઆત કરવામાં આવી હતી.

ત્યારબાદ રાહુલ કુપર જૈનએ વડીલ વંદના બાબતમાં માતા-વડીલોનો મહત્વ સમજાવ્યું હતું અને તેમના માર્ગદર્શન પ્રમાણે આગળ વધીએ તો આપણને જૈન ધર્મની પરંપરા પણ જાળવી શકે અને વડીલોની વિચારધારાને પણ યોગ્ય સન્માન આપી શકાય તેમના દ્વારા અપાયેલ દાખલાઓ દ્વારા દરેકદરેક યુવાન ભાવુક વિભોર થઈ ગયો હતો.

ત્યારબાદ એક સ્પર્ધા રાખવામાં આવી હતી જેમાં વિવિધ ગ્રુપોએ સોલો ડાન્સ, પર્સનલ પરફોર્મન્સ અને વનએક્ટ જેવી આઈટમો પ્રસ્તુત કરી અને યુવાઓને પ્રોત્સાહિત કર્યા હતા.

રવિવાર તા.૧૨ જાન્યુઆરીના સવારના ૬ વાગે હોટલના બેકવેટ હોલમાં યોગા સેશન રાખવામાં આવેલ હતું અને તેમને સંદેશ આપવામાં આવ્યું હતું કે આપ જ્યાં પણ હો આપને યોગ, પ્રાણાયમ, સ્વાશન જેવી યોગ ક્રિયા કરવી જેનાથી શરીર સ્વાસ્થ અને પ્રફુલ્લિત રહેશે.

ત્યારબાદ સવારના ૯ કલાકે તત્વચિંતક ચિરાગ છેડા દ્વારા એક સેશનનો આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જૈન ધર્મની મહત્તા અને વ્યક્તિ રીતે થતી ધાર્મિક ક્રિયાઓનો મર્મ તેમને અંગ્રેજીમાં અનોખી રીતે સમજાવ્યું હતું. જે દરેકદરેક યુવાઓ આ લેક્ચરથી પ્રભાવિત થયા હતા અને અગર જો આવી જ રીતે આપને સમયસમય લેક્ચર સીરીઝ રાખેલ તો જરૂર જૈન ધર્મનો પ્રચાર થશે અને આપને ધર્મમય બની જશે.

# શ્રી કચ્છી દશા ઓશવાલ દક્ષિણ એકમ ભારત દ્વારા યુવા-મિલન ૨૦૨૦નો ઐતિહાસિક રીતે સંપન્ન



ત્યારબાદ આપના લોકલાડિલા રિટાયર્ડ ઈન્કમ ટેક્સ કમિશનર શ્રી તિલકચંદભાઈ લોડાયાએ પૈસાનું મહત્વ અને તેને કેવી રીતે યોગ્ય દિશામાં ઈન્સ્વેટ કરવું અને ભવિષ્યમાં કેવી રીતે પ્લાનિંગ કરવું તે બાબતમાં ઊંડી સમજ આપી હતી.

ત્યારબાદ ભારતના ચાટર્ડ અકાઉન્ટન્ટ એસોશિએશનના પ્રેસીડન્ટ નિલેશભાઈ વિક્મશીએ ફાયનાશિયલ પ્લાનિંગ કરી અને પોતાનું ભવિષ્ય કેમ કરી શકો તેની સમજ આપી.

ત્યારબાદ સ્પેશિયલ દુબઈથી વિઝિટીંગ ગેસ્ટ તરીકે આવેલા મનીષભાઈ જૈન દ્વારા કોર્પોરેટ ઈથોશનું એક વર્કશોપ આયોજિત કરવામાં આવ્યું હતું. જેનો યુવાઓને બહુત સારી સંખ્યામાં નિહાળીને તેમને આપેલી ટીપ્સનો અનુકરણ કરશે તેવી બાંહેધરી આપી હતી.

ત્યારબાદ ડેપ્યુટી ઈન્કમ ટૅક્સ કમિશનર દિલીપભાઈ કુસુમકાંત નાગડા દ્વારા આત્મવિશ્વાસ એજ તમારી સફળતાની ચાવી છે તેને ધ્યાનમાં રાખી આપ કોઈપણ કાર્ય હાથ ધરશો અને તેમાં પૂરા ખંત અને આત્મવિશ્વાસ સાથે આગળ વધશો તો આપ જરૂર સફળ થશો. એવા વિશ્વાસ સાથે તેમને શ્રોતગણોને મોહિત કર્યા હતા.

રાત્રે કચ્છી દશા ઓશવાલની પરંપરાગત પોશાક સાથે રાસ ગરબાનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રુપમાં દરેકદરેક યુવાઓ રમ્યા હતા અને ગોવાની નાઈટ લાઈફની લિજ્જત માણી હતી.

સોમવાર તા.૧૩ જાન્યુઆરીના ગોવા બીચ પર સવારના ૬ વાગે ૪૦૦ યુવાઓને એ પહેલી વખત બીચ યોગાની લિજ્જત માણી હતી અને યોગા સાથે સાથે યુવાઓને રમત ગમતને પણ ન્યાય આપી શુભ શરૂઆત કરી હતી.

ત્યારબાદ નિખિલભાઈ છેડા દ્વારા ભવિષ્યમાં સ્વતંત્રપણે આપણી વિચારધારાને વળગી રહી અને ભવિષ્યનું યોગ્ય પ્લાનિંગ અને તમે જો પ્રોફેશનમાં છો એ પ્રોજેશનના ન્યાય આપી તમારે પ્લાનિંગ કરવું જેથી આપણી ઘડતી ઉંમરે આશીર્વાદ રીતે સાબિત થશે.

ત્યારબાદ ડૉ.સુદ રાઝા અને મિસ.મરીના પિંટો દ્વારા પ્રાથમિક સારવાર તેમજ દિવસને દિવસે જે નવી તબીબી ઉપકરણો આવે છે તેનો જ્ઞાન લઈ અને તેમને યોગ્ય સમય ઉપચાર કરવામાં આવેલ. તો લાઈફ સર્પોટીંગ ચાન્સ પણ લઈ શકો છો.






# શ્રી કચ્છી દશા ઓશવાલ દક્ષિણ એકમ ભારત દ્વારા યુવા-મિલન ૨૦૨૦નો ઐતિહાસિક રીતે સંપન્ન





ત્યારબાદ મનીષાબેન પોલડિયાએ વર્તમાન સમયમાં આપને કોઈ અનહોની હોની થઈ જાય તો તે સમય અગર જો આપણા દ્વારા મેડિક્લેમ પોલિસી કાઢવામાં આવી હોય તો ભવિષ્યમાં કોઈ પણ મોટા સમયમાં આશીર્વાદ સમાન સહાય્ય મળે છે.

ત્યારબાદ નંદિની વિધ્યનાથન એક વર્કશોપનું આયોજન કરી અને મેસેજ આપે હતું કે આપણને નોકરી ન કરતા સ્વતંત્ર વ્યવસાય તરફ જવું જોઈએ તે બાબત વિવિધ પ્રકારના દાખલાઓ આપી અને સમજ આપી હતી.





અંતમાં ત્રણ દિવસના પૂર્ણાહુતિના કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજર રહેલ તરૂણભાઈ રતનશી લોડાયા અને હંસકુમાર ભવાનજી ખિમજીએ જણાવ્યું હતું કે આવા યુવા-મિલનનો દર વર્ષે થવા જોઈએ જેનાથી જ્ઞાતિમાં એક અલગ ઉત્સાહનો માહોલ થાય છે.

આવા ભરચક કાર્યક્રમ હોવાથી અમુક કાર્યક્રમનું ન્યાય નહી આપી શકતા તેના પૂર્ણાહૂતિ બાદ યોગ્ય તક આપવામાં આવી હતી. જેમાં ગ્રુપ ડાન્સ તથા ડ્રામાની સ્પર્ધા તથા તેના ઈનામ વિતરણ સાથે યુવા મિલન ને વિરામ આપવામાં આવ્યું હતું.

અંતમાં આ સંપૂર્ણ યુવા-મિલન માટે પ્રત્યક્ષ તેમજ પ્રરોક્ષ રીતે સાથ સહકાર આપનાર મહાનુભાવોનો યાદ કરવામાં આવ્યા હતા અને તેમનો વિશેષ સન્માન પણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના મુખ્ય કન્વીનર મુલચંદભાઈ મોતાને સર્વ હાજર રહેલા ભાઈ-બહેનોએ ઉભા થઈને એમના સફળ આયોજન બદ્દલ અભિનંદન આપ્યું હતું.

મંગળવાર તા.૧૪ જાન્યુઆરી સવારના ૪૦૦ યુવા સભ્યોએ ત્રણ દિવસના કાર્યક્રમ અતિ ઉત્સાહ અને આનંદમાં માણ્યો હોવાનું મુખ ઉપર દેખાઈ આવતું હતું અને ગોવાની સંસ્કૃતિ માણી હતી અને તેમને ક્રુઝની પણ મજા લીધી હતી.



# શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ પક્ષ) શ્વેતાંબર જૈન સંઘ દ્વારા સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા મહોત્સવ

શ્રી સંઘના ઉપક્રમે સંવત ૨૦૭૬ના વૈશાખ સુદ ત્રીજ-અખાત્રીજ શનિવાર તા. ૨૫ એપ્રિલ ૨૦૨૦ રોજે અચલગચ્છ વર્ષીતપ આરાધકોના સમૂહ વર્ષીતપ ઈક્ષુરસ પારણા કે.જે.સોમૈયા ગ્રાઉન્ડ ચુનાભટ્ટી ખાતે યોજાયેલ છે. સાહિત્ય દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સૂરિશ્વરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની પાવનકારી નિશ્રામાં યોજાયેલ ચતુર્વિધ સંઘના સમૂહ વર્ષીતપ ઈક્ષુ રસ પારણા મહોત્સવમાં જોડાવવા ઈચ્છુક આરાધકો નિયત ફોર્મમાં વિગત ભરી નીચેના સ્થળોએ આપવા એવી વિનંતી શ્રી સમૂહ વર્ષીતપ પારણા સમિતિના કન્વીનર શ્રી હરખચંદ ખીમજી ગંગર દ્વારા કરાઈ છે.

વિગતે ફોર્મ ભરી આપવાના કેન્દ્રો ૧) શ્રી સંઘ કાર્યાલય ન્યુ હનુમાન બિલ્ડીંગ પહેલા માળે, ૧૧ બી કેશવજી નાયક રોડ, મુંબઈ-૯. ફોનં. ૦૨૨-૨૩૭૨૯૩૦૪, ૨) શ્રી અનંતનાથ જિનાલય કાથાબજાર-મુંબઈ, ૩) શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ જિનાલય-ઘાટકોપર (પૂર્વ), ૪) વાસુપૂજ્ય જૈન દેરાસર-ઝવેર રોડ, મુલુંડ(વેસ્ટ) ૫) શ્રી સુમતિનાથ જૈન દેરાસર-મુલુંડ (પૂર્વ), ૬) શ્રી સુવિધિનાથ જિનાલય-ડોંબિવલી (પૂર્વ), ૭) શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય-વાશી-(નવીમુંબઈ), ૮) શ્રી મલ્લિનાથ જિનાલય જોગેશ્વરી (પૂર્વ), ૯) શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય-નાલાસોપારા (પૂર્વ).

# શાશ્વતા ગિરિરાજના સાંનિધ્યે ચૈત્રમાસની ઓળી આરાધના

શાશ્વતા ગિરિરાજના સાનિધ્યે, શાશ્વતા પર્વના સાયુજ્યે, શાશ્વતા પદના સામીપ્યે જવાનો સુઅવસર એટલે ચૈત્રીમાસની ઓળી આરાધના શ્રી નરશી નાથા જૈન ધર્મશાળા, ભીડભંજન રોડ, પાલીતાણા મધે તા. ૩૦ માર્ચ ૨૦૨૦ થી તા. ૨૯ માર્ચ ૨૦૨૦ સુધી કરાશે. જેમાં અતરપારણા રવિવાર તા. ૨૯ માર્ચ ૨૦૨૦ ઓળી પ્રારંભ તા. ૩૦ માર્ચ ૨૦૨૦ રવિવારથી અને પારણા બુધવાર તા. ૮ એપ્રિલ ૨૦૨૦ નિશ્રા સૌભાગ્ય નિધિ આત્માનંદી પ.પૂ.સા.શ્રી. મહોદયશ્રીજી મ.સા. આદિઠાણા, પરમ અવસર નિધિ તપ ચક્રવર્તી જિનશાસન શિરોમણિ અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદય સાગરસૂરિશ્વરજી મ.સા.ના ૫૩મા વરસીતપની અનુમોદનાર્થે તથા અધ્યાત્મનંદી પ.પૂ.સા.શ્રી.મહોદયશ્રીજી મ.સા.ની સંયમ ષષ્ઠીપૂર્તિ તથા સદાનંદી પ.પૂ.આ.શ્રી વિનયપ્રભાશ્રીજી મ.સા.ની સંયમષષ્ઠી પ્રવેશની હાર્દિક અનુમોદના નિમિત્તે, પાવન પ્રેરણા નિધિ પ.પૂ.યશોદયશ્રીજી મ.સા. તથા પ.પૂ.મુક્તિરત્નાશ્રીજી મ.સા.ના આરાધકે પ્રવેશ ફોર્મ વિગતવાર ભરીને તા. ૨૬ જાન્યુઆરી સુધી પરત કરવો. મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી વહેલો તે પહેલાના ધોરણે ફોર્મ સ્વીકારશે. આરાધકોએ ફોર્મ ભરીને શ્રી નરશી નાથા જૈન ધર્મશાલા પાલીતાણાના સરનામે 'નવપદ ઓળી આરાધના' લખીને મોકલવાના રહેશે.

● શ્રીપાલ-મયણા (સજોડે આવનાર)ને અગ્રતાક્રમ ● વર્ણપ્રમાણે આયંબિલમાં દ્રવ્ય વાપરવારને અગ્રતાક્રમ ● ૩૬ પ્રહરીય (૯ દિવસ. દિવસના) પૌષધ કરનારને અગ્રતાક્રમ ● ૭૨ પ્રહરીય મૌનની સાધના કરનારને અગ્રતાક્રમ ● ૯ દિવસ-દેશાવગસિક (૧૦ સામાયિક) કરનારને અગ્રતાક્રમ ● નવપદ વર્ધમાન તપના આરાધકોને અગ્રતાક્રમ

**વિશેષ સૂચનો** ● આરાધકે પૂજા-સામાયિક-પૌષધના જરૂરી ઉપકરણો સાથે લાવવા (સિધ્ધચક્રયંત્ર પુસ્તક હોય તો સાથે લાવવું) ● આરાધકોને આવવા જવાની ટિકિટ (જનરલ રિઝર્વેશન કોચ) ના રૂપિયા પારણાના દિવસે આપવામાં આવશે. ● વ્યવસ્થાપકો અને કાર્યકર્તાઓની દરેક સૂચનાઓનો સખત અમલ કરવો જરૂરી છે ● દરેક આરાધનામાં હાજરી અનિવાર્ય છે ● મોબાઈલનો રાતના ૯.૩૦ સુધી ત્યાગ કરવાનો રહેશે, દરરોજ શક્ય હોય તો વર્ણ પ્રમાણે વસ્ત્રો પરિધાન કરવાના રહેશે. ● બહેનોએ ભારતીય પોષાક (સાડી-ચણિયા ચોળી) અનિવાર્ય છે ● વરસીતપ જેવા એકાંતરા ઉપવાસ વાળા તપના તપસ્વીઓના ફોર્મ અસ્વીકાર્ય છે સળંગ આયંબિલ જરૂરી છે ● જેના ફોર્મ પાસ થયેલ હશે તેમને જ તા. ૧૫ ફેબ્રુઆરી સુધી જાણ કરવામાં આવશે ● વિશેષ માહિતી માટે સંપર્ક સૂત્ર અવનીબેન-૭૦૨૧૨૦૩૬૦૪, કલ્પનાબેન - ૯૯૨૦૮૨૮૯૨૧. રાજવીબેન-૯૯૨૫૬૯૨૯૯૬, રમેશભાઈ લોડાયા ૯૮૯૨૦૦૩૯૪૦.

# જામનગર તીર્થમાં અભિષેક સાથે ધર્મ આરાધના કરાઈ






હાલાર પ્રાંતના જામનગર મધે અચલગચ્છ સંઘના મોટા શાંતિનાથ જિનાલયમાં પ.પૂ.કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવનકારી નિશ્રામાં અભિષેક કરાયો. આ પ્રસંગે ઐતિહાસિક શિલાલેખની માહિતી સૌને વિસ્તારથી અપાઈ હતી.

# પારોલાતીર્થે શ્રી શાંતિનાથ દાદાની છત્રછાયામાં ચૈત્રમાસની શાશ્વતી ઓળી આરાધના




પારોલા નગરમાં શ્રી શાંતિનાથ દાદાની છત્રછાયામાં આગમ દિવાકર પ.પૂ.આ.ભ.શ્રી. મહોદય સાગર સૂરિશ્વરજી મ.સા.ની પાવન નિશ્રામાં ચૈત્રમાસની શાશ્વતી ઓળી આરાધના તા. ૩૦ માર્ચ ૨૦૨૦થી તા. ૭ એપ્રિલ ૨૦૨૦ સુધી થશે. ચૈત્રી ઓળીના મુખ્ય લાભાર્થી પ.પૂ.મુનિશ્રી ધર્મ રત્નસાગરજી મ.સા.ની ષષ્ઠી પૂર્તિ નિમિત્તે માતુશ્રી હંસાબેન વીરજી વેરશી દેઢિયા પરિવાર ભુજપૂર-મલાડ અને સહાયક લાભાર્થીઓ શ્રી અંબરનાથ ક.વિ.ઓ જૈનસંઘ માતુશ્રી લેખાબેન ધનપતિ કુંવરજી મોમાયા બારોઈ-જલગાંવ, રેખાબેન દેવચંદ ગાલા પરિવાર ઉનડોઠ-બોરીવલી માતુશ્રી હાંસભાઈ મેઘજી મામણીયા, પુનડી-બેરીવલી, માતુશ્રી રૂપાબેન કલ્યાણજી આસપન છેડા પરિવાર ઉનડોઠ મલાડ માતુશ્રી ભમલબેન પદમશી પૂંજાભાઈ પીર સુથરી-ડોંબિવલી.

ખાનદેશના આરાધકોએ પોતાની વિગત જેમાં નામ, ગામ, ઉંમર, મોબાઈલનં હાલનું સરનામું વિગત દિલીપભાઈ (શ્રી પારોલા તીર્થ મેનેજર) ને ૯૪૨૧૬૩૫૨૪૯ વોટ્સએપ નં. ઉપર જયારે મુંબઈના આરાધકોએ ૧૦૩ મેઘરત્ન બિલ્ડીંગ દેરાસર લેન ઘાટકોપર (પૂર્વ) કાર્યાલયમાં ફોન નં. ૦૨૨-૨૫૦૧૧૭૮૮માં નીતિનભાઈ પાસે ફોર્મ ભરીને પહોંચાડવા આરાધકો માટે જરૂરી સૂચનો • ફોર્મ પરત કરવાની તા. ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ ત્યાર બાદ ફોર્મ સ્વીકારાશે નહી •મર્યાદિત સંખ્યા લેવાની હોવાથી ફોર્મ વહેલા તે પહેલાના ધોરણે સ્વીકારશે • પારોલાતીર્થમાં આવવા જવાની વ્યવસ્થા યાત્રિકોએ જાતે કરવાની રહેશે • સર્વે આરાધકોએ તા. ૨૯ માર્ચ ૨૦૨૦ના પારોલા પહોંચવું તેમજ પાછા ફરવાની ટિકીટ તા. ૮ એપ્રિલ ૨૦૨૦ની કઢાવવી • ફોર્મ સાથે રિફંડેબલ ડિપોઝીટ રૂા. ૫૦ જમા કરાવવી • બસ દ્વારા મુંબઈ-જલગાંવ લકઝરી બસમાં પારોલા ઉતરવું • ટ્રેન દ્વારા ટ્રેનમાં ૧૯૦૦૩ ખાનદેશ એક્સપ્રેસ રાત્રે ૧૨.૨૦ બાંદ્રા ટર્મિનસથી ઉપડે છે (ટિકીટ તા.૨૯-૩-૨૦૨૦ની કઢાવવી) અમલનેર સ્ટેશને ઉતરવું. ત્યાંથી પારોલા તીર્થ માટે શેર-એ-રીક્ષા મળે છે અમૃતસર એક્સપ્રેસ રાત્રે ૧૧ કલાકે સીએસએમટીથી ઉપડે છે. ધુલિયા સ્ટેશને ઉતરવું. ત્યાંથી પારોલા જવા માટે બસ મળે છે. વધુ વિગત માટે સંપર્ક સૂત્ર ગોવિંદજી નેણશી સોની - ૯૯૨૩૪૬૭૬૪૦, પરેશ પ્રેમજી ગાલા - ૯૮૨૧૦૫૬૪૦૧, અશોક સાવલા-૯૩૨૧૨૪૯૬૨૫, ધનપતિભાઈ મોમાયા (જલગામ) - ૯૪૨૩૧૮૫૭૧૬ તથા પીયૂષભાઈ ડાઘા(નાસિક)-૯૪૨૩૯૭૪૦૩૪.

# પ.પૂ.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.નું બ્રેઈન એન્જીઓ પ્લાસ્ટ ઓપરેશન સફળતાપૂર્વક સંપન્ન

અમદાવાદ CIMS હોસ્પિટલમાં પ.પૂ.શ્રી રમ્યગુણાશ્રીજી મ.સા.નો દાખલ કરાયા. તા.૧૦ જાન્યુઆરી શનિવારે MRI કરાવેલ જેમાં મગજમાં ક્લોટ હોવાનું નિદાન થયેલ. હાર્ટ માટે જેમ એન્જીઓપ્લાસ્ટી ઓપરેશન થાય તે પ્રમાણે મગજ માટે પણ એક માઈનર ઓપરેશન જરૂરી છે જેનાથી ક્લોટ થકી મગજને જે નુકસાન થાય તે અટકી જાય. આ દરમ્યાન પૂજ્યશ્રી સભાનતામાં રહી બધાને ઓળખતા હતા. અમદાવાદ સંઘની ટીમ નિરંતર પૂજ્યશ્રીની સંભાળ માટે ખડે પગે ઊભી રહી હતી.

પૂજ્યશ્રીના સી.ટી.સ્કેન રીપોર્ટમાં બ્રેઈન હેમરેજનો રીપોર્ટ આવતા તા.૧૧ જાન્યુઆરી શનિવાર દિને બ્રેઈન એન્જીઓ પ્લાસ્ટનું ઓપરેશન બ્રેઈન એક્ષ્પર્ટ ન્યુરોલોજિસ્ટ ડૉ.ધીરેનભાઈ શાહ, ડૉ.દેવેન ઝવેરી અને ડૉ.મિલન જોલપારાની ટીમે કુશળતા અને સફળતાપૂર્વક કરેલ. હાલમાં પૂજ્યશ્રીને ICU માં રખાયા છે. ત્રણેક દિવસ પછી સ્પેશિયલ રૂમમાં શિફ્ટ કરાશે ત્યારે તેમના દર્શન વંદન થઈ શકશે.

પૂજ્યશ્રી ગુરૂદેવ શીઘ્ર સ્વસ્થતા પ્રાપ્ત કરે તે માટે સકળ સંઘે યથાશક્તિ જાપ કરવા.

અમદાવાદ અચલગચ્છ જૈન સંઘના વડીલ ટોકરશી મામા, કાંડાગરાના મોરારજીભાઈ તથા વડોદરાના મણિલાલભાઈ સાથે સ્થાનિક સંઘના ભાઈબહેનો ઓપરેશન સમયે હાજર હતા. એવું સંઘના મંત્રી મુલચંદભાઈ નાનજી મારૂની યાદીમાં જણાવાયું છે.

સાધર્મિક ભાઈબહેનોને સંઘ દ્વારા પૂજ્યશ્રીની તબિયતના સમાચાર વોટસએપ ગ્રુપ દ્વારા જણાવાય છે.


JAYMAN KHONA - 9869473339

anmol COLLECTION

ART&FRAMES

ORIGINAL PAINTINGS | CUSTOM FRAMING
FINE ART MATERIALS

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Mob.: +91 98692 73314 | Tel.: +91-22-2579 2122
Email : info@anmolartframes.com
/anmolartnframes

LARIN KHONA - 9820193339

Anmol Balaji Broking
Estate and Investment Consultant

MAHARERA ID : A51800000364

8, Ground Floor, Bhawani Premises Co-op.Soceity Ltd.,
Off.Jain Mandir Road, IIT Pawai, Mumbai - 400 076.
Off.: +91 98692 83338
Email : anmolbalajibroking@gmail.com
/anmolbalajibroking

# અંકલેશ્વરમાં શ્રી અલૌકિક પાર્શ્વનાથ દાદાની ૩૩મી વર્ષગાંઠ વિવિધ ધર્મ આરાધનાઓ સાથે ઉજવાઈ






શ્રી અચલગચ્છ જૈન સંઘ અંકલેશ્વરમાં પોષ વદી ૨ તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૦ શનિવાર રોજે શ્રી અલૌકિક પાર્શ્વનાથ દાદાની ૩૩મી વર્ષગાંઠનો અવસર પ.પૂ.સા.શ્રી હિતપ્રજ્ઞાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૨ની પુનિત નિશ્રામાં રંગચંગે ઉજવાયો. આ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ થઈ. પૂજન ભણાવવા શ્રી કેશવજી ધારશી ગડા-મુંબઈથી પધારેલ. સકળ સંઘના સૌ ભાવવિભોર થઈને દાદાની સાલગિરાહ ઉજવી ધન્ય થયા હતા. સાંજે મહાકાળી માતાજીની ભાવના મુંબઈથી પધારેલ કિશોર મનરાજા અને હંસકુમાર હંસલો એ ભાવથી ભણાવેલ. ભાવનામાં ભક્તિનો અનેરો રંગ કલાકારોએ જમાવેલ. સકળ સંઘના સૌ ભાવપૂર્વક ભાવનામાં ભાગ લઈ ભક્તિ આરાધનાનો લાભ લીધો હતો.

# કોઠારા ગામવાસીઓ દ્વારા જલસંચય અભિયાન માટે મુલુંડમાં મીટિંગ




શ્રી કોઠારા વિકાસ મંડળ મુંબઈ દ્વારા કોઠારાના તળાવોના વિકાસ માટે એક મીટિંગ મુલુંડમાં રવિવાર તા. ૧૨ જાન્યુઆરી ૨૦૨૦ના શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી હોલમાં યોજાઈ હતી. આ સભામાં ગામવાસીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. શ્રી કોઠારા વિકાસ મંડળના પ્રમુખ શ્રી રજનીકાન્ત મોરારજી ઠક્કરે સર્વેને આવકાર આપ્યા બાદ ઉપપ્રમુખ પ્રતાપભાઈ ઠક્કરે ગામના ઐતિહાસીક તળાવોની સાફ સફાઈ કરાવી તેમાં વધુ સમય પાણી ટકે એવા આયોજન માટેની રૂપરેખા જણાવી હતી. કોઠારા ગામના આગેવાન જાણીતા બિલ્ડર જાધવજી ઠક્કરે જણાવ્યું હતુ કે કચ્છમાં પાંચ વર્ષમાંથી ૩ વર્ષ દુકાળ હોય છે ત્યારે કોઠારા ગામના લોકોને ખૂબ તકલીફોનો સામનો કરવો પડે છે. તેઓએ જણાવ્યું હતું કે આપણે આ તળાવો ઊંડા કરવા જોઈએ અને આ માટે આપણને સરકારી સ્કીમોનો પણ લાભ લેવો જોઈએ.

કચ્છ જલધારાના આગેવાન અરૂણભાઈ ભીંડે એ જણાવ્યું હતુ કે વરસાદના પાણીનો યોગ્ય સંગ્રહ કરવા માટે આમારા ટ્રસ્ટ દ્વારા યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. અન્ય ટ્રસ્ટી શ્રી મનજીભાઈએ જણાવ્યું હતું કે કોઠારા ગામવાસી ભાઈઓએ આ ભગીરથ કાર્યમાં યોગ્ય સહયોગ આપવો જોઈએ. આ સૂચનને હાજર રહેલા સર્વ ભાઈઓએ આવકાર્યો હતો.

આ મીટિંગનું સફળ સંચાલન રજનીભાઈ અને પ્રતાપભાઈ ઠક્કરે કર્યું હતું. આ મીટિંગમાં એ નિર્ણય લેવાયો હતો કે આપણી એક પ્રતિનિધિ ટીમ માદરેવતન કોઠારા જાય અને સ્થાનિક ગામવાસીઓ સાથે ચર્ચાવિચારણા કરી અને આગળની કાર્યપદ્ધતિનું આયોજન કરે. તા. ૨૬ જાન્યુઆરી ૨૦૨૦ એ કોઠારા ખાતે જાધવજીભાઈ ઠક્કર, વલ્લભદાસ ભગદે, મણિલાલ શાહ, પરસોત્તમ પુંજાણી, લાલજીભાઈ સોની જશે અને ગામવાસીઓ સાથે બેસી અને ત્યાની સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ કેવી રીતે થાય તે બાબતે ચર્ચાવિચારણા કરી આગામી મીટિંગ મુંબઈમાં યોજી વહેલામાં વહેલી તકે આ કાર્ય હાથે ધરશે.

Samast Mahajan, Sanjivani Initiative

KDO

**CASE No.: 14**

**DONATION NEEDED!**

## Ms. PRITI PADAMSHI KURUVA

**Age 47yrs, Godhara, Dombivali**

**Admitted in Apex Hospital, Dombivali.**
**Surgery for Sigmoid Volvolus (Intestinal Obstruction) is performed in Emergency. She is recovering in ICU and showing signs of improvement**




**DONATION REQUIRED**
**Rs.2.5 Lacs**

**Bank Details:**
Name: **Shri Samasta Kutchi Dasa Oswal jain Mahajan**
Bank : **Dena Bank** Branch : **Mulund (West)**
**S. A/C. No. 009410031785**
**IFSC code. : BKDN0460094**

For Live Donations on Sanjivani App
pls contact: **+91 90990 41414**

**Shri Samast KDO Jain Mahajan**
**Medical Committee**

In case of Mobile/NEFT Transfer, kindly forward transfer details on 90990 41414

# મોડપુર તીર્થે પ.પૂ.આ.શ્રીના પ્રવેશ પ્રસંગે ભવ્ય સામૈયું કરાયું

મોડપુર તીર્થના શ્રી સુપાર્શ્વનાથ જૈન તીર્થ મધ્યે મોડપુર તીર્થ જીર્ણોધ્ધાર અને પ્રતિષ્ઠાપક પ.પૂ. આ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા. આદિ ઠાણાનો ભવ્ય પદયાત્રા સહ પ્રવેશ થયો. આ પ્રસંગે પૂજ્યશ્રીનું સંઘ દ્વારા ભવ્ય સામૈયું કરાયું. તેમના પ્રવચનનો અનેરો લાભ સૌ પામ્યા હતા.







## યવતમાલ તીર્થે શ્રી કુંથુનાથ સ્વામી ગૃહજિનાલયનો ૧૦મો ધજા મહોત્સવ ઉજવાયો







અચલગચ્છ કચ્છી જૈન સંઘ યવતમાલ સંચાલિત રાજેન્દ્રનગર સ્થિત શ્રી કુંથુનાથ સ્વામી ગૃહજિનાલય યવતમાલનો ૧૦મો ધજા મહોત્સવ ધામધૂમથી ઉજવાયો, લાભાર્થી પરિવાર સૌ. ભાગ્યવંતી હિરાચંદ મોમાયા પરિવાર-સાંયરા કચ્છ હાલે જલગામ હતા. વિધિકાર ચિરાગભાઈ, ખુશાલભાઈ સંગોઈ કચ્છ-બાડા હાલે અંબરનાથ દ્વારા ઉત્સાહ અને ઉમંગ સાથે સંપન્ન થઈ. સકળ સંઘના સૌ શ્રાવક-શ્રાવિકાઓ આ ધર્મ આરાધનામાં ભક્તિના રંગમાં ભાવપૂર્વક જોડાયા હતા.

## નલિયા સ્થાનિક ગ્રામજનો સાથે જળસંચય અભિયાન બાબતે ચર્ચાવિચારણા







શનિવાર, તા.૧૧ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ચંદ્રપ્રભુ અતિથિ ગૃહના વિવિધલક્ષી હૉલમાં મુંબઈથી ગયેલ પ્રતિનિધિઓ સાથે સ્થાનિક ગામવાસીઓની જળસંચય અભિયાન બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા થઈ હતી. સૌપ્રથમ જયંતભાઈ છેડાએ સૌ ગામવાસીઓનું સ્વાગત કરતા જણાવ્યું હતું કે 'આ વર્ષે પડેલ વરસાદનો આપણે કોઈ લાભ ન લઈ શક્યા તે આપણની બદકિસમતી છે પણ ભવિષ્યમાં આવો વરસાદ પડે તો આપણે જળ સંગ્રહ કરીએ તો આવનારા દિવસોમાં આપણા ગામનો સારામાં સારો વિકાસ થઈ શકે તે બાબતે મુલુંડમાં તા.૨૯ ડિસેમ્બર ૨૦૧૯ના એક મિટીંગ બોલાવાઈ હતી તેમાં સારો પ્રતિસાદ મળ્યો એટલા માટે સ્થાનિક ગામવાસીઓની સલાહ સૂચન પ્રમાણે આ કાર્યનું શુભારંભ કરવું એટલા માટે આજે આપણે અહીં સર્વ ભેગા થયા છીએ'

મુંબઈમાં મિટીંગ થયા પ્રમાણે આ કાર્યને આગળ ધપાવવા માટે અને સુવ્યવસ્થિત આયોજન કરવા માટેની વિશેષ જવાબદારી ભાનુશાલી સમાજના અગ્રણી લહેરી ભાનુશાલીને સોંપવામાં આવી છે જે સંદર્ભે લહેરી ભાનુશાલી સ્થાનિકે જે પણ સમસ્યાઓ છે તેનું યોગ્ય નિરાકરણ કરવાનો પ્રયત્ન કરશે અને સ્થાનિક ગામવાસીઓના માર્ગદર્શન પ્રમાણે તેઓ આ કાર્યને વહેલામાં વહેલી તકે પૂર્ણ કરવાની ઈચ્છા બતાવી હતી. તેમણે સવિશેષ જણાવ્યું હતું કે ગામવાસીઓનું દરેક જ્ઞાતિ પ્રમાણે એક કે બે પ્રતિનિધિ આગળ આવે અને તેની સ્થાનિકીય સમિતિની રચના કરી અને આ કાર્યને આગળ ધપાવશે તેમણે વિશેષ જણાવ્યું હતું કે સરકારી વિભાગ દ્વારા જે પણ આયોજનો અને સ્કીમો જાહેર થાય છે તેનો તેઓ પુરે પુરો અભ્યાસ કરી અને આ કાર્યને આગળ ધપાવશે. લહેરીભાઈના આ સુજાવને સર્વ ગામવાસીઓએ આવકાર આપ્યો હતો અને તેમણે બાયંધરી આપી હતી કે સ્થાનિકે અમારાથી બનતા દરેક પ્રયાસો કરશે અને ગૌતમ શાસ્ત્રી, લહેરીભાઈ ભાનુશાલી અને મુંબઈ સમિતિના માર્ગદર્શનમાં સર્વ ગામવાસીઓ કામ કરવા માટે તત્પર ઉભા રહેશે અને આવા મહાન ભગીરથ કાર્યમાં ગામનો વિકાસ એ આપણો વિકાસ છે એ સુત્રથી સર્વ છુટા પડયા હતા અને મુંબઈમાં જે પણ નિર્ણય લેવાશે એ હિસાબે કાર્ય આગળ વધશે.



# વતનજા વાવડ ...



– સં. રાજન ચંદે 'ધૂની'

● ભુજની રાજાશાહી વખતની ગઢરાંગ જોખમી બની હોવાનું લોકોએ નોંધ્યું છે. શહેરની ધાલાણ શેરીમાંથી દરબાર ગઢ જતા માર્ગે ગઢરાંગ જોખમી હોવા સાથે ગમે ત્યારે અકસ્માત સર્જી શકે તેમ હોવાથી તેને સુરક્ષિત સ્થિતિમાં લેવા જાગૃત નાગરિકોએ માંગ કરી છે.

● ભુજના લાલ ટેકરી વિસ્તારમાં આવેલા રણછોડદાસ સત્સંગ મંડળ દ્વારા દર મહિનાની ૨૧ તારીખે યોજાતા નેત્રયજ્ઞમાં ૨૪૭ વ્યક્તિઓની આંખની તપાસણી કરવામાં આવી હતી. જેમાંથી ૧૨૯ વ્યક્તિઓને રાજકોટ ખાતે સદગુરૂ રણછોડદાસ મહારાજ હોસ્પિટલ મધ્યે મોતિયા, ઝામર વિગેરેના નિઃશુલ્ક ઓપરેશન કરી આપવામાં આવ્યા હતા. મંડળ દ્વારા ૨૦૦૬થી અત્યાર સુધી ૫૫૦૦થી વધુ વ્યક્તિઓના મોતિયાના ઓપરેશનો નિઃશુલ્કમાં કરાવી અપાયા છે.

● મૂળ મઉં મોટી તા.માંડવીની ખેડા જિલ્લાના નડિયાદની નોલેજ હાઈસ્કૂલમાં દશમા ધોરણની વિધાર્થીની પાયલ ધનજી ભાઈચંદે રાજ્ય કક્ષાએ અન્ડર ૧૭ની શાળાકીય રમતગમતમાં પ્રથમ ક્રમાંક મેળવી પંજાબના સંગરૂર ખાતે ૪૦૦ મીટરની વિઘ્નદોડની રાષ્ટ્રીય સ્પર્ધામાં દ્વિતીય સ્થાન સાથે રજતચંદ્રક મેળવીને કચ્છનું નામ રોશન કર્યું છે.

● નવી દિલ્હી ખાતે ઈન્ટરનેશનલ ક્રાફ્ટસ એવોર્ડ ૨૦૧૯માં ભારતના પાંચમાંથી કચ્છના ત્રણ કારીગરોને એવોર્ડથી નવાજવામાં આવતા કચ્છનો દબદબો વધાર્યો હતો. કચ્છના પાબીબેન રબારી ઉપરાંત કચ્છના કુકમાના શિણાયનગરમાં રહેતા હાથ વણાટ ખરડ દરીના કસબી તેજશ ધના મારવાડાને તથા કચ્છની ભારે જાણીતી કલા રોગાનના ૨૬ વર્ષીય યુવા કારીગર ખત્રી મહમદ જબ્બારને એવોર્ડ અપાયા.

● ઈન્ડિયન ઓટોમોટિવ રેસિંગ ક્લબ દ્વારા થાણાના રેમન્ડ રેસિંગ ડ્રિફ્ટ ટ્રેક પર યોજાયેલી ઓપન ઓટોકાર રેસમાં કચ્છ લુણી (તાલુકા મુંદરા)ના મનન શૈલેશભાઈ રાજગોર પોતાની કેટેગરીમાં થર્ડ વિજેતા રહ્યો હતો. ત્રણ દિવસ માટે યોજાયેલી ઓપન ઓટો ક્રોસ રેસમાં કુલ ૬૦થી વધુ એન્ટ્રી આવી હતી. આ સ્પર્ધામાં તેણે ૧ મિનિટ ૨૮ સેકન્ડમાં ટ્રેક પૂરી કરી હતી.

● રાષ્ટ્રીય ધ્વજદિન નિમિત્તે મુંદરા કોસ્ટ ગાર્ડના ૩૫ જેટલા જવાનોએ સહપરિવાર ધ્રબુડીના દરિયા કાંઠે જઈને સ્વચ્છતા કરી ઠેર ઠેર પથરાયેલા પ્લાસ્ટિક સહિતના કચરાને કોથળામાં ભરીને કિનારેથી દૂર કર્યા હતા.

● જી.કે.જનરલ હોસ્પિટલ ભુજ, એન.સી.ડી.એલ. તથા પી.એચ.સી. કુકુમા દ્વારા વર્ધમાન નગર ભુજોડીમાં મેડિકલ ચેકઅપ કેમ્પ યોજાયો. જેમાં બિનચેપી રોગો જેવાકે કેન્સર, ડાયાબિટીસ, બ્લડપ્રેશર, લકવો તથા ડેન્ગ્યુ, ચીકનગુનિયા જેવી ગંભીર બીમારીઓ વિશે લોકોમાં જાગૃતિ આવે તથા સ્વાસ્થ્ય સજાગતા વધે એ માટે કાર્યવાહી કરાઈ હતી. કેમ્પમાં ૯૩ લોકોએ મેડિકલ ચેકઅપ સાથે આરોગ્ય સેવાઓનો લાભ લીધો હતો.

● કચ્છની ભારત પાકિસ્તાન સરહદ સ્થિત ભેડિયા બેટ કષ્ટભંજન હનુમાનજી મહારાજના મંદિરનું પુનઃનિર્માણ ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા રૂ.બે કરોડ ૫૦ લાખના ખર્ચે અનેકવિધ અદ્યતન સુવિધાઓ સાથે તૈયાર કરી આચાર્ય કૌશલેન્દ્ર પ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત સ્વામી ધર્મનંદન દાસજી, સ્વામી પ્રેમ પ્રકાશદાસજીના હસ્તે અર્પણ કરવામાં આવ્યું. આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સ્વામિનારાયણ મંદિરના પ્રકલ્પ અને જવાનોની અહર્નિશ સેવાને શુભેચ્છા સંદેશ દ્વારા બિરદાવ્યું હતું.

● છેલ્લા ૭ વર્ષથી નાના લાયજા ગામના સહયોગ દ્વારા ગૌસેવા સમિતિ વીસ હેક્ટર જમીન પર ચારાનું વાવેતર ગૌસેવાના લાભાર્થે કરે છે. ચાલુ વરસે આઠ એકર પિયતમાં રંજકો વાવ્યો છે. સમિતિ દ્વારા ૧૬ ટ્રોલીઓ ૬૦૦ મણ સૂકી જુવાર ગૌશાળાને અપાઈ છે. શિયાળુ પાકમાં રંજકો તેમજ મકાઈનું વાવેતર ગાયો માટે કરાશે. સરપંચ વીરમભાઈ ગઢવીની આગેવાની હેઠળ ૧૨૫ સભ્યો જહેમત ઉઠાવી રહ્યા છે.

# કચ્છમાં ૮૦ સાર્ધમિક પરિવારોને રાશન સામગ્રી અર્પણ કરાઈ



શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા દાતાશ્રી શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી જૈન ચેરીટિબલ ટ્રસ્ટ મુંબઈના સહયોગથી ગ્રુપ અધ્યક્ષ જયેશ જૈન, ઉપાધ્યક્ષ ગોવિંદજી પટેલ તથા ઉપાધ્યક્ષ પ્રવિણ લોડાયાના માર્ગદર્શન હેઠળ કચ્છમાં અબડાસા, ગાંધીધામ, મુન્દ્રા, માંડવી વિસ્તારોમાં રહેતા સમાજના ૮૦ સાર્ધમિક પરિવારોને ૨૧ વસ્તુઓ સાથેની રાશન સામગ્રી ઘરોઘર જઈ હાથોહાથ અર્પણ કરવામાં આવેલ. દરેક જિનાલયોમાં ઉપકરણોની સામગ્રી પહોંચાડવામાં આવેલ. તેમજ ૧૭ જૈનેત્તર પરિવારોને પણ રાશન સામગ્રી આપવામાં આવેલ.

માંડવી આશ્રમના વૃદ્ધ વડીલોને નવા વસ્ત્રો તથા મીઠાઈ અર્પણ કરવામાં આવેલ. શ્રી રામદેવ સેવાશ્રમ પાલારા-કચ્છના માનસિક દિવ્યાંગોને તથા ભુજની માનસિક આરોગ્યની હોસ્પિટલના દર્દીઓને વસ્ત્રો તથા ફરસાણ વિતરણ કરવામાં આવેલ. નાસ્તાના પેકેટ, બીસ્કીટ, ચોકલેટ, નાઈટી, બરમુડા, ટોપી, સ્વેટર, શર્ટ અને ટી-શર્ટ, સુરવાલ ઝબ્બો, ટીશર્ટ તથા બહેનો માટે ઈમીટેશન જવેલરી શ્રી શાંતિજિન જૈન જાગૃતિ ગ્રુપ-મુંબઈ દ્વારા આપવામાં આવેલ. વિતરણ વ્યવસ્થા કિરણ દંડ, પ્રબોધ મુનવર, ભદ્રીક મૈશેરી, દિપેશ શાહ, કુસુમ લાલકા, રાજેશ લોડાયા, મહેશ નાગડા, સોમચંદ નાગડા, પ્રવિણ મોતા, હેમંત મોતા, મુકેશ દંડ, હિતેશ પટેલ, કિરીટ લોડાયા, મનોજ ગાલા, રાજેશ દંડ, રાજેશ ગોરજી, હુશેન હિંગોરા, રજાક હિંગોરા, લાભુ મારાજ, બુધિયા ગઢવીએ સંભાળી હતી.


જ્ઞાતિમૈયા માં

આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો

Email Id : gyatimaiya2018@gmail.com

Email Id : mahajansamast@gmail.com

Website : www.kdosamastamahajan.org

અથવા વૉટ્સઍપ પર મોકલો

9322257731

VEENA NAGDA BOLLYWOOD MEHENDI QUEEN ACADEMY

મેહંદી ના ઑર્ડર પર લઈ જવા માં આવશે.

CERTIFICATE COURSE

All Types of Mehendi & Personality Development

40 Years Experience in Mehendi

- Basic
- Floral
- Cutwork
- Movie Mehendi
- Figure
- Western
- Portrait
- Etc.

Special Discount KDO



BATCH IS STARTING FROM 2ND JAN2019

For Inquiry & Admission Time : 11 am to 4 pm

Working Women's Special Batch on Sunday

OUT OF MUMBAI,INQUIRIES ALSO AVAILABLE.

Add : 52,Anant Niwas,Third floor,
Bhat Bazar,N.N.Street,
Masjid Bunder(W),
Near Railway Station
Above E.H.kathawala

Call : 9820431717 / 9920641717

Email : veenanagda17@gmail.com

Special Discount For S.S.C

We also book bridal & party orders

www.veenabollywoodmehendi.com

## शुरु किजिए
## गृहिणी से बिजनेसवुमन बनने का सफर

अब आप अपने मनचाहे समय पर काम करने की सुविधा के साथ अपने काम और घर के बीच संतुलन बना सकती है।

हमारे साथ मिलकर आपके लिए अपना बिजनेस शुरु करने का अनोखा मौका यहाँ है।





## તમારા જીવનની બીજી ઈનિંગ્સ શરૂ કરો બિઝનેસની અનોખી તક સાથે.

જો તમે નિવૃત્ત હો તો પણ હવે તમે આવક મેળવી શકો છો. આત્મનિર્ભર બનવાની તમારા માટે આ અનોખી તક છે.



## NO TARGETS, NO DEADLINES, ONLY ENDLESS OPPORTUNITIES TO EARN, WITH FLEXIBLE TIMINGS

Here is your opportunity to fulfill all your wishes and dreams by investing few hours in a day

## One Opportunity Many Benefits

- Fixed Salary
- Unlimited Income
- PF & ESI Benefits
- Part-time / Full-time Opportunity
- International Conventions

**Give more to life**

**For details**
**Contact : 8850840380**




insurancekhoj.com™

the ultimate stop for insurance™

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

**Karani**

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL

KDO Gyatimaiya Weekly E-magazine KDO